રજા અને પેન્શનના હેતુસર સેવા સળંગ
ગણવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૧૯/ઓ.૮૦૮/પી
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૯/૧૦/૨૦૧૯

**વંચાણે લીધા:**

૧. સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક:એફઓએ- ૧૦૯૨- યુઓ-૩૦૭-ગ.૨ તા.૨૪/૨/૧૯૯૩
૨. નાણા વિભાગનો તા.3/૭/૯૮ નો ઠરાવ ક્ર: પરચ/૧૦૯૭/ ૮30/પી, તા.3/૭/૯૮
૩. નાણા વિભાગનો તા.૨૯/૮/૨૦૦૩નો પરિપત્ર ક્ર: પરચ/ ૨૦૦૨/યુ.ઓ.-૧૦૦૭/પી
૪. નાણા વિભાગનો તા.૬/૦૯/૨૦૦૫નો સુધારા ક્ર: નપન/૨૦૦૩/જીઓઆઈ-૧૦/પી
૫. નાણા વિભાગનો તા.૧૦/૦૪/૨૦૧૩નો ઠરાવ ક્ર: નપન/૨૦૦૩/જીઓઆઈ-૧૦/પી
૬.નાણા વિભાગનો તા.૨૦/૧૦/૨૦૧૪નો ઠ.ક્ર:નપન/૧૦૨૦૦૧/ડી ૨૪૫/ (૧૦૬૬/૨૦૧૪)/પી

**પરિપત્ર :**

સરકારી કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા કેન્દ્ર કે રાજ્ય સરકારમાં કે તેની હસ્તકની કોઇપણ કચેરીમાં તેઓએ અગાઉ બજાવેલ નિયમિત સેવાઓને તેમની હાલની રાજ્ય સરકારની નિયમિત સેવા સાથે રજા અને પેન્શનના હેતુ માટે જોડવા માટે ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) થી (૫) મુજબની સૂચનાઓ અમલમાં છે. આ સૂચનાઓ અનુસાર કર્મચારી/અધિકારીઓની વર્તમાન નિયમિત સેવા સાથે તેઓની અગાઉની નિયમિત સેવા પેન્શન અને રજાના હેતુસર જોડવા માટે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવવાની રહે છે. પરંતુ અનુભવે જણાયેલ છે કે, ઘણા કિસ્સામાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વગર રજા અને પેન્શનના હેતુસર સેવા સળંગ ગણવાના હુકમો કરવામાં આવે છે.

તા.૦૧/૪/૨૦૦૫ કે ત્યારપછી સરકારી સેવામાં જોડાયેલ કર્મચારીઓને નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડે છે. આ સંજોગોમાં તા.૦૧/૪/૦૫ પછી સરકારી સેવામાં જોડાયેલ કર્મચારી અગાઉની સેવામાં GPF એકાઉન્ટ ધરાવતા હોય તો પણ સેવા સળંગની મંજુરી ન મળે ત્યાં સુધી GPF કપાત કરવાની થતી નથી. આમ છતાં, કેટલાક કિસ્સામાં સેવા સળંગની મંજુરી મળી ન હોવા છતાં GPF ની કપાત ચાલુ રાખવામાં આવે છે, જે નિયમોનુસાર નથી. આથી, આ બાબતે જરૂરી સૂચનાઓ પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) સરકારી કર્મચારીઓ/અધિકારીઓની અગાઉની કેન્દ્ર સરકારમાં, રાજ્ય સરકારમાં કે તેની હસ્તકની કોઇપણ કચેરીમાં બજાવેલ નિયમિત સેવાને, હાલની નિયમિત સેવા સાથે રજા અને પેન્શનના હેતુસર જોડવા માટે નાણા વિભાગની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

(૨) તા.૦૧/૦૪/૨૦૦૫ કે ત્યારબાદ નિમણૂક પામેલ તથા અગાઉની સેવામાં GPF ખાતુ ધરાવતા કર્મચારી/અધિકારીના કિસ્સામાં તેમની અગાઉની સેવા વર્તમાન સેવા સાથે સળંગ ગણવાની મંજૂરી મળ્યા બાદ GPF કપાત કરવાની રહેશે.

(૩) હાલની સેવા તથા અગાઉની સેવા એમ બંન્ને નિયમિત સેવા તા.૦૧/૦૪/૨૦૦૫ કે ત્યારપછીની હોય તો માત્ર રજાના હેતુસર જ સેવા સળંગ ગણવા માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૪) આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા આથી સર્વે વિભાગો/ખાતાના વડાની કચેરીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. કે. પટેલ)
નાયબ સચિવ (પેન્શન)
નાણા વિભાગ

**નકલ રવાના:-**

- માન. રાજ્યપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ,
માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, લોકાયુકત ભવન, સેકટર -૧૦, ગાંધીનગર

તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/ રાજકોટ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,
તમામ તિજોરી અધિકારીઓ/ તમામ પેટા તિજોરી અધિકારીઓ,
પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહિત)
સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
સિલેકટ ફાઇલ પી શાખા

- પત્ર દ્વારા